# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-02-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યા હોવાના અહેવાલ સાપડ્યા છે. આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેરનામું બહાર પાડ્યું છે. રાષ્ટ્રપતિએ રાજ્યપાલના અહેવાલના આધારે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા જ મણિપુરના મુખ્યમંત્રીએ રાજીનામું આપ્યું હતું.

---------------------------------------------------------------------------------

## લોકસભા અને રાજ્યસભા 10 મી માર્ચ સુધી સ્થગિત

બજેટ સત્રનો પ્રથમ તબક્કો ગઇકાલે પૂર્ણ થતાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી 10 માર્ચ સુધી સ્થગિત કરાઇ.

લોકસભામાં, સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સત્રના પ્રથમ તબક્કામાં 112 ટકા ઉત્પાદકતા નોંધાઈ છે. તેમણે ગૃહને માહિતી આપી હતી કે સંસદના સંયુક્ત સત્રમાં ભારતના રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં 177 સભ્યોએ 17 કલાકથી વધુ સમય સુધી ભાગ લીધો હતો. વક્ફ (સુધારા) બિલ 2024 પર સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. દરમિયાન, રાજ્યસભા પણ મુલતવી રાખવામાં આવી છે અને 10 માર્ચે વિરામ પછી મળશે. સત્રનો પ્રથમ તબક્કો ગયા મહિનાની 31મી તારીખે શરૂ થયો હતો.

---------------------------------------------------------------------------------

## કેન્દ્રીય નાણામંત્રી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે કેન્દ્રીય બજેટ 2025-26માં કોઈપણ ક્ષેત્રની ફાળવણીમાં ઘટાડો કર્યો નથી.

રાજ્યસભામાં બજેટ પરની ચર્ચાનો જવાબ આપતાં, શ્રીમતી સીતારમણે જણાવ્યું કે બજેટનો ઉદ્દેશ્ય ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા ઉપરાંત વિકાસને વેગ આપવાનો છે. મંત્રીએ કહ્યું કે વિપક્ષના દાવા મુજબ અસરકારક મૂડીખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં, ભારત હવે ટોચની વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં પાંચમા ક્રમે છે.

-----------------------------------------------------------------------------------

## P.M. અમેરિકાના બે દિવસીય પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના બે દિવસના પ્રવાસે વોશિંગ્ટન પહોંચ્યા. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને અન્ય અધિકારીઓએ એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. વોશિંગ્ટન પહોંચ્યા પછી સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓ યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા અને ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે આતુર છે. તેમણે કહ્યું કે બંને દેશો તેમના નાગરિકોના હિત અને ઉત્તમ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

-----------------------------------------------------------------------------------

## રાજ્યમાં સમાન નાગરિક સંહિતા અંગે બેઠક

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા  કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ સર્વોચ્ચ અદાલતના ન્યાય મૂર્તિ નિવૃત્ત રંજના દેસાઈની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજવામાં આવી હતી.

રાજ્ય માટે પ્રસ્તાવિત **UCC** ના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે આ બેઠકમાં સમિતિના સભ્યોએ ચર્ચા કરી હતી.સમિતિના અધ્યક્ષ રંજના દેસાઈ અને સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ **IAS** અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ

દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સમિતિએ મહિલાઓ અને બાળકોને સમાન અધિકારો પૂરા પાડવા અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને વ્યક્તિગત કાયદાઓમાં સમાવેશકતા, ન્યાયિક સમાનતા અને એકરૂપતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ સમિતિ પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કરશે તે રાજ્યના ભાવિ કાનૂની માળખાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પ્રચારપડઘમ આજે શાંત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની રવિવારે યોજાનારી ચૂંટણી માટેના જાહેર પ્રચાર પર આજે સાંજે પડદો પડી જશે. રાજ્યમાં જૂનાગઢ મહાનગરપાલિકા, ત્રણ જિલ્લા પંચાયતો અને 66 નગરપાલિકામાં સામાન્ય ઉપરાંત કેટલીક પંચાયતોની પેટા ચૂંટણી યોજાશે. કચ્છમાં ભચાઉ અને રાપર નગરપાલિકાઓની સામાન્ય અને ત્રણ તાલુકા પંચાયતોની એક-એક બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે. ભચાઉમાં 28 પૈકી 17 બેઠકો પર ભાજપે બિન હરીફ છે. બાકીની 11 બેઠકો પર ચૂંટણી યોજાશે, જ્યારે રાપરમાં 28 બેઠકો માટે ભાજપ અને કે કોગ્રેસ વચ્ચે સીધો મુકાબલો થશે. ચૂંટણી પ્રચાર શાંત રહ્યો છે નાની મોટી જાહેર સભાઓ ઉપરાંત ઘેર ઘેર ફરી સંપર્ક પર ધ્યાન કેન્દ્રિત થયું છે. રાજકીય અગ્રણીઓએ સભાઓ સંબોધી હતી.

---

## હેલ્મેટ અંગે સંઘન ચેકિંગ

રાજ્યમાં અકસ્માત અટકાવવા માટે વાહનચાલકો હેલ્મેટ પહેરે તે માટે ભાર મુકવામાં આવ્યો છે. જેથી જિલ્લામાં પોલીસ દ્વારા સરકારી કચેરીઓ બહાર ચેકીંગ કરી નિયમ ભંગ જણાઇ આવે તો વાહનચાલકોને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ગઇકાલે પશ્ચિમ કચ્છ જિલ્લા ટ્રાફિક શાખા, સીટી ટ્રાફિક શાખા, એ ડિવીઝન, ગઢશીશા પોલીસ દ્વારા અલગ અલગ સરકારી

કચેરીના પ્રવેશદ્વાર પાસે ચેકીંગ કરાઇ હેલ્મેટ નિયમભંગના 104 કેસો કરી 22 હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તી બીજી બાજુ પુર્વ કચ્છ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ગાંધીધામ, અંજાર, ભચાઉ, રાપર ખાતે સરકારી કચેરીઓ અને હેલમેટ વગર ડ્રાઇવ કરતા 90 કર્મચારીઓ સામે કેસો કરી કુલ રૂ.45,000 દંડની વસૂલાત કરવામાં આવી હતી. હેલમેટ થકી દુર્ઘટના ટળે તેવા ઉદ્દેશથી પોલીસ દ્વારા ખાસ ડ્રાઇવ શરુ કરવામાં આવી છે. આ કામગીરી નિરંતર ચાલુમાં રહેશે.

------------------------------------------------------------------------------------